| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૬ | ૧૨ | ૨૦૨૨ |
| કેસ રજી.તારીખ | ૧૬ | ૧૨ | ૨૦૨૨ |
| કેસ નિકાલ તારીખ | ૧૩ | ૦૬ | ૨૦૨૩ |
| સમય–અવધિ | વર્ષ | માસ | દીવસ |
| | | | |

**એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**અંકલેશ્વર**

**ક્રિમીનલ કેસ નંબર :૫૨૯૩/૨૦૨૨**
આંક –

**ફરીયાદી** : સરકારશ્રી

**::: વિરૂધ્ધ :::**

**આરોપી** :૧. લખન હીરાસિંગ બાવરી (સીકલીગર)
રહે. આંબાવાડી ગાયત્રીમંદિર પાસે ગજાનંદ સોસા. પાછળ અંકલેશ્વર
તા. અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો :** **પ્રોહી.એકટ ક.– ૬૫ એએ મુજબ.**

.....................................................................
ફરીયાદ પક્ષ તરફે : વિ.વ.શ્રી. એ.એ.પી.શ્રીમતી એસ.વી.પટેલ
આરોપી પક્ષ તરફે : વિ.વ.શ્રી એચ.ડી. પટેલ
.....................................................................

JUDGEMENT

૧. ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે ,આ કામના આરોપીએ પોતાના કબ્જામાના થેલામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના ઈગ્લીશ દારૂની ૧૮૦ મીલીના KRIMPI'S SPECIAL WHISKY બ્રાન્ડની પ્લાનીની બોટલ નંગ– ૩૦ કિ.રૂા.

૩૦૦૦/- નો પ્રોહી મુદામાલ વેચાણ કરવાના ઈરાદે બગલ હેલામાં સંતાડી રાખી રેડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરતા તેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તપાસનાં અંતે પૂરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનાનું પુરવણી ચાર્જશીટ રજુ કરતા આરોપી સામે આક્ષેપીત ગુનાનો સમન્સ ઈસ્યુ કરેલ.

૨. સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેને ચાર્જશીટ તથા પોલીસ તપાસની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે આપ્યાની ખાતરી કરી આંક-૩ થી તહોમતનામુ તથા આંક- ૦૪ થી પ્લી નોંઘતા આરોપીઓએ આક્ષેપીત ગુનાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ.

૩. પક્ષકારો તરફે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## (એ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો.

### :: મૌખિક/દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૮ | ફરીયાદી જગદીશભાઈ રણજીતસિંહ ની જુબાની |
| ૦૨ | ૦૯ | ફરીયાદ |
| ૦૩ | ૧૦ | પંચ કલ્પેશભાઈ કનૈયાલાલની જુબાની |
| ૦૪ | ૧૧ | પંચનામું |
| ૦૫ | ૧૨ | પંચ બહાદુરભાઈ નાથુભાઈ ની જુબાની |

સદર કામે ફરીયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી બાકીના સાહેદોને ડ્રોપ કરવામાં આવેલ છે.

૪. આ કેસનાં ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ પોતાના કબ્જામાના થેલામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની ૧૮૦ મીલીના KRIMPI'S SPECIAL WHISKY બ્રાન્ડની પ્લાનીની બોટલ નંગ- ૩૦

કિ.રૂા. ૩૦૦૦/– નો પ્રોહી મુદામાલ વેચાણ કરવાના ઈરાદે બગલ હેલામાં સંતાડી રાખી રેડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરતા તેના વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું આદેશ ?

૫. ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. છેવટના આદેશ મુજબ.

૬. આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પૂરો થયેલ જાહેર કર્યા બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન જણાતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. બંને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યાં.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નંબર ૧:</u>**

ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડે છે.

૭. ફરીયાદ પક્ષ તરફે પંચ કલ્પેશભાઈ કનૈયાલાલ ને આંક–૧૦ થી તથા પંચ નં. ૨ બહાદુરભાઈ નાથુભાઈ ને આંક– ૧૨ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આંક–૧૧ થી પંચનામુ રજુ રાખેલ છે અને સદર પંચનામામાં પંચ નં.૧ તથા પંચ નં. ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવી તે સિવાય બીજું કાંઈ જાણતો નહી હોવાનુ જણાવે છે. આમ સદર પંચ સાહેદ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય તેઓને વિ.એ. પી.પી.શ્રીએ ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ અન્વયે ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ કોઈ સમર્થન કારી પુરાવો પૂરો પાડેલ નથી અને પંચનામા કરતા તદૃન વિરૂધ્ધની હકીકત જણાવેલ છે.

૮. ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી જગદીશભાઈ રણજીતસિંહને આંક– ૦૮ થી

સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૮/૦૯/૨૦૨૨ ના રોજ હે.કો. બળવંતસિંહ મહોબતસિંહ તથા બીજા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે અંકલ ેશ્વર શહેર પો.સ્ટે.ના ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં ગયા હતા તે દરમ્યાન અમારા અંગત વિશ્વાસુ બાતમીદારથી બાતમી મળેલ કે લખેલ સીકલીગર નામનો ઈસમ જે પગે હેન્ડી કેપ છે તે નવીનગરી ચાર રસ્તા આજુબાજુમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનું વેચાણ કરે છે. જે મળેલ બાતમી હકીકતના આધારે નજીકમાંથી બે પંચોના માણસો સાથે રાખી પંચો તથા પોલીસ સ્ટાફ સાથે ખાનગી વાહનમાં નીકળી બાતમી હકીકતવાળી જગ્યા નવી નગરી ચાર રસ્તા પાસ આવતા એક ઈસમ જે બંને પગે હેન્ડી કેપ હોય અને નવીનગરી ચાર રસ્તા પાસે ઓટલા ઉપર એક થેલો લઈ બેસેલ હોય અને ત્યાં જઈ સદર ઈસમ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનું નામ લખણ હીંરાસિંગ ફતેસિંગ બાવડી હોવાનુ જણાવેલું. તેમની પાસેનો થેલો ખાલી જોતા ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ– ૩૦ મળી આવેલી જેની કિ.રૂા. ૩૦૦૦/– હતી જે બાબતનું વિગતવારનું પંચનામું કરવામા આવેલું. તમો આરોપીઓની અટક કરેલ. ફરીયાદ આપેલી જે ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે. જેમા મારી સહી છે જેને રજુ દાખલ આંક– ૦૯ આપવામા આવે છે.

ફરીયાદીની ઉલટ તપાસ કરતા તેઓ તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છેક, બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો છે. બનાવવાળા સ્થળે અમો કયાં વાહનમાં ગયા અને કયા સમયે ગયા તે જણાવેલ નથી. મારી ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. બાતમી અંગે પોલીસ સ્ટે.ની ડાયરીમાં નોંધ કરેલ નથી.

૯. આ કામે પુરાવો જોવા જઈએ તો ત.ક.અ.દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નીવેદનો લીધેલાનુ જણાતુ નથી. આ કામે પ્રથમ પંચનામુ તે પછી ફરીયાદ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આ કામે પ્રથમ પંચનામું થવા છતાં ફરીયાદ માં પંચોનાં નામ સરનામા જણાવેલ નથી. આ કામે પકડેલ મુદ્દામાલ પકડેલ મુદ્દામાલ કબ્જે હોવા અંગેનો રીપોર્ટ જ ફરીયાદ પક્ષે પુરાવા થી સાબીત થતો નથી. પંચો એ પોતાની સહી વાળી કાપલી મુદ્દામાલે મુકેલ તે હકીકત પણ

સાબીત નથી. આ કામે મુદામાલ મળી આવેલ તે જગા ની માલીકીનો પુરાવો પણ આ કામે ત.ક.અ. શ્રી ધ્વારા કબજે અથવા આ કામે સાબીત કે રજુ નથી. આરોપી નાં કોન્શીયશ પઝેશન બાબત સાબીત કરવા મુદામાલ મળી આવેલ તે જગા નુ પઝેશન આરોપીનાં તાબામાં તે વખતે હતુ તે દર્શાવવુ નિ:શંક પણે કેસ સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ માટે જરૂરી હતું. જે આ કામે સાબીત નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં ચુકાદાઓ અનુસાર આરોપીને અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious possession પુરવાર થતુ નથી. વળી આ કામે કથીત મુદ્દામાલ દારૂ જ હતો તે બાબત નુ એફ એસ એલ નુસર્ટી પણ રજુ નથી. દેશી દારૂ નાં કિસ્સામાં કથીત મુદ્દામાલ દારૂ જ હતો કે કેમ તે પણ નિ:શંક પણે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે. ઉપરોકત ચર્ચા અનુસાર આથી આરોપી શંકાનો લાભ લેવા હકદાર જણાય છે.

૧૦. બીજા પાસા મુજબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં ૧ નો ચુકાદો ધ્યાને લેતાં,જેમાં ઠરાવેલ કે જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશન નાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિર્દોષ ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરીયાદ પક્ષે તે નિ:શંક પણે પુરવાર કરી શકે નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, આ કામના આરોપી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દેશી દારૂ પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ મળી આવેલ હોય અને તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. આમ, હાલના આરોપી ફરીયાદ પક્ષના કથનો મુજબ દેશી દારૂ રાખી પોલીસ રેડ દરમ્યાન પકડાઈ જઈ મળી આવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થયા નું કહી શકાય તેમ નથી જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

૧૧. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો

અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મકમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ /–</u>**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે આ કામના આરોપી ૧ લખન હીરાસિંગ બાવરી (સીકલીગર) **,**રહે. આંબાવાડી ગાયત્રીમંદિર પાસે ગજાનંદ સોસા. પાછળ અંકલેશ્વર તા. અંકલેશ્વર જી.ભરૂચનાઓપ્રોહી. એકટની કલમ–**૬૫ એએ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

ર. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ પીરીયડ વિત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ)મુજબ જામીન રજૂ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૩/૦૬/૨૦૨૩<br>
અંકલેશ્વર.

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડીયા )**<br>
એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. કલાસ**,**<br>
અંકલેશ્વર.<br>
જી.જે.કોડ નં. ૦૧૪૩૩